# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 13-01-2025 Day: Monday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ધોરડો ખાતે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ:

**ધોરડોના સફેદ રણ ખાતે આજે સવારે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ૨૦૨૫નો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો.**

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને જિલ્લા વહીવટીતંત્ર કચ્છ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં બેલારુસ , ભૂતાન, ઈન્ડોનેશિયા, ડેન્માર્ક, હંગેરી, માલ્ટા, સ્લોવેનિયા, તુર્કી અને ટ્યૂનિશિયા એમ ૯ દેશોના આંતરરાષ્ટ્રીય પતંગબાજો ઉપરાંત મહારાષ્ટ્ર, સિક્કીમ, પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોના મળી કૂલ ૫૦ થી વધુ પતંગબાજોએ અવનવી ડિઝાઇનની પતંગો સાથે સફેદ રણના આકાશમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.**

**આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા , ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓએ પતંગબાજોને મોમેન્ટો આપી આવકાર અપાયો હતો. કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતી નૃત્યની પ્રસ્તુતિને વિદેશી પતંગબાજો તથા શાળાના વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિતોએ બિરદાવી હતી.**

**મહારાષ્ટ્રના કાઈટીસ્ટ નીલેશ પુરોહિત જેઓ પતંગોત્સવમાં ભાગ લેવા માટે છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતમાં આવે છે , તેમણે આકાશવાણીને પોતાનો પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું હતું.**

**(બાઈટ.. નીલેશ પુરોહિત, કાઈટીસ્ટ-મહારાષ્ટ્ર)**

---

## BSF એ ઘુસણખોર ને ઝડપી પાડ્યો:

જીલ્લાની દરિયાઈ ક્રિક વિસ્તારના બોર્ડર પિલર નંબર ૧૧૩૯ નજીકના વિસ્તારમાં ગઈકાલે પેટ્રોલિંગ દરમિયાન સીમા સુરક્ષા દળે સામે પારથી ભારતીય સીમમાં ઘુસણખોરી કરતાં યુવાનને ઝડપી પાડ્યો હતો. જો કે, તેની પાસેથી માછીમારીના સાધનો સિવાય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આ ઘટનાને પગલે સીમા સુરક્ષા દળે ચોકી પહેરો સઘન બનાવી દીધો છે.

---

## ઉત્તરાયણ પર્વે બજારોમાં ઘરાકી:

જીલ્લામાં ઉત્તરાયણ પર્વને ઉજવવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે જીલ્લા મથક ભુજ સહીત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠેર ઠેર પતંગ-દોરાનાં હંગામી સ્ટોલ ઉભા કરાયા છે. જેમાં વિવિધ જાતની દોરીઓ અને નિત-નવા પતંગો તેમજ પ્લાસ્ટીકના નવીનત્તમ આકૃત્તિઓ વાળા પતંગો, ફુગ્ગાઓ જોવા મળી રહ્યા છે. આજે દિવસે પવને પણ સતત હાજરી પુરાવી છે ત્યારે, આવતીકાલે પણ પતંગ રસિયાઓ પવન સાથ આપશે તેવી આશા સેવી રહ્યા છે.

દરમિયાન, આવતીકાલે દાન પુણ્યનું પણ વિશેષ મહત્વ હોતાં, બોર, શેરડી, ચીક્કી સહીતની ચીજ વસ્તુઓની ખરીદીમાં લોકો વ્યસ્ત બન્યા છે. બીજી તરફ ઊંધિયું, પાતરા, ખમણ, ચીક્કી સહિતની મીઠાઈના વેપારીઓ પણ સ્ટોલ ઉભા કરવા સહીતની તૈયારીઓ કરતા જોવા મળી રહ્યા છે.

---

## મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા:

જીલ્લામાં મતદાર યાદીને ક્ષતિરહિત બનાવવાની કવાયતના ભાગ રૂપે હાથ ધરાયેલ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ૮ મહિનાના સમયગાળામાં ૨૧ હજાર ૧૭૮ મતદારોનો વધારો નોંધાયો છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે, આ વધારામાં પુરુષ મતદારોની સરખામણીએ મહિલા મતદારોની સંખ્યા વધારે નોંધાઈ છે. ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

અંતર્ગત જીલ્લાના છ વિધાનસભા મતક્ષેત્રમાં મતદારોની સંખ્યા પહેલી જાન્યુઆરી ૨૦૨૪ની સ્થિતિએ ૧૬ લાખ, ૭૩ હજાર ૫૨૮ પર પહોંચી છે.

જેમાં, ૮ લાખ ૫૮ હજાર ૬૧૬ પુરુષ અને ૮ લાખ, ૧૪ હજાર ૮૯૨ મહિલાઓ ઉપરાંત ૨૦ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

---

સાયબર ફ્રોડ અંગે જાગૃતિ અભિયાન:

વર્તમાન સમયમાં સાયબર ફ્રોડના વધતા જતા બનાવોને ધ્યાનમાં રાખીને લખપત તાલુકાના નરા પોલીસ સ્ટેશન દ્વારા જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. નરા ગામની પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં સાયબર ફ્રોડથી બચવા માટેની મહત્વપૂર્ણ જાણકારી અપાઈ હતી. જે મુજબ, અજાણ્યા નંબર પરથી આવતા ફોન કે વોટ્સએપ પર આવતી લોભામણી જાહેરાતોથી સાવધ રહેવા તેમજ ક્યારેય પણ બેંક એકાઉન્ટ નંબર કે ઓટીપી શેર ન કરવાની સલાહ અપાઈ હતી. આ અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવાના સૂત્રો લખેલા પતંગનું વિતરણ કર્યું હતું.

---

ઠંડી:

ઉત્તરાયણ ને આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે, જીલ્લામાં આજે ઠંડા પવનોને પગલે તીવ્ર ઠારનો અનુભવ યથાવત રહ્યો છે. રાજસ્થાન પર સર્જાયેલી સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ હવામાન વિભાગ દ્વારા રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠા અને ધાબડીયો માહોલ રહેવાની આગાહી વચ્ચે આજે રાજ્યના સૌથી શીત મથક નલિયા ખાતે લઘુત્તમ ઉષ્ણતામાન ૮.૮ ડીગ્રી સેલ્શીયસ જયારે જીલ્લા મથક ભુજ ખાતે ૧૧.૪ અને કંડલા ખાતે ૧૩ ડીગ્રી સેલ્શીયસ રહ્યું હતું. ઉત્તરાદા ઠંડા પવનોને પગલે દિવસે પણ લોકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી.

---